સારા માણસ બનો પણ એ સાબિત કરવાનો પ્રયત્ન કદી ના કરો
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઇ, ૨૦૧૩, મંગળવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં નવાં ૧૧ મતદાન મથકો ઉમેરાશે

## ગાંધીનગર (ઉ)માં ૮ અને માણસા વિધાનસભામાં ૩ નવાં મતદાન મથકો માટેની દરખાસ્ત ચૂંટણી પંચને મોકલાઈ

ગાંધીનગર, તા. ૨૯

લોકસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓને ધ્યાને રાખી તંત્ર એ હાથ ધરેલી કવાયતમાં જિલ્લામાં ૧૧ નવા મતદાન મથકો મંજૂર કરાયા છે અને તેની વિધિવત દરખાસ્ત હવે ચૂંટણી પંચને મોકલી આપવામાં આવશે.

તંત્ર એ જે ૧૧ નવા મતદાન મથકો માટે દરખાસ્ત તૈયાર કરી છે તેમાં ૮ ગાંધીનગર (ઉ) માટે અને ૩ માણસા બેઠકમાં નવા મતદાન મથકો બનાવવામાં આવશે તેવું દર્શાવ્યું છે.

ગાંધીનગર (ઉ) વિધાનસભામાં જે ૮ નવા મતદાન મથકો સૂચવવામાં આવ્યા છે તેમાં સે-૫માં બે, સે-૨માં ૧, સે-૧૪માં ૧, સે-૨૦માં ૧ તથા પેથાપુરમાં ૨ અને ધોળાકુવામાં ૧ નવું મતદાન મથક સૂચવવામાં આવ્યું છે. જયારે માણસા શહેરમાં ત્રણ નવા મતદાન મથક સૂચવવામાં આવ્યા છે.

ચૂંટણી પંચે મતદાન મથક માટે શહેરી વિસ્તારોમાં ૧૪૦૦ મતદારોએ એક મતદાન મથક અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧૨૦૦ મતદારોએ એક મતદાન મથક રાખવાનો નિર્ણય કરેલ છે. તાજેતરમાં વસ્તી ગણતરીના પરીણામો તેમજ નોંધાયેલા મતદારોની સંખ્યાને લક્ષમાં રાખી કરાયેલા વિભાજનને પગલે આવા મતદાન મથકો બનાવવા માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.

મતદાન મથકોના વિભાજનને કારણે હવે કેટલા મતદારોનું મતદાન મથક બદલાશે તે નવી મતદાર યાદી તૈયાર થતાં ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં ૧૧૫૦ મતદાન મથકો હતા હવે તે વધીને ૧૧૬૧ થશે. ગાંધીનગર (ઉ) બેઠક માટે ૨૧૬ મતદાન મથકો હતા તે હવે વધીને ૨૨૪ થશે. જયારે માણસામાં ૨૨૬ હતા તે વધીને ૨૨૯ થશે. દહેગામમાં હાલ ૨૨૦ મતદાન મથકો છે તો કલોલમાં ૨૦૪ અને ગાંધીનગર (દ)માં ૨૮૪ મતદાન મથકો આવેલા છે.

જિલ્લામાં હાલ મતદારયાદી સુધારણાનું વિશેષ અભિયાન પૂર જોશમાં ચાલી રહ્યું છે. આ અભિયાન બે દિવસમાં પૂર્ણ થશે. આ પછી સપ્ટેમ્બરમાં વધુ એક અભિયાન હાથ ધરાશે તેમ પંચના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. ચૂંટણી પંચે ધીમી ગતિએ લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ જે હાથ ધરી છે તેમાં હાલ મતદાર યાદી સુધારણા અને નવા મતદાન મથકો માટેની દરખાસ્તો મેળવવાની બાબતનો સમાવેશ થાય છે.



ગુજરાત એટલે સંસ્કૃતિની આગવી ધરોહર તરીકે જાણીતુ રાજ્ય છે. એમાંય અહિની કચ્છી સંસ્કૃતિ એ આજે પણ તેની આગવી ઓળખ જાળવી રાખી છે. ધોળાવીરાની વાત તો સાવ જુદી જ છે. પણ આ તસ્વીર કચ્છી નારીએ જે નથણી પહેરી છે તે ચાર તોલાથી વધુ વજન ધરાવતી સોનાની છે અને આ નથણીનો ફોટો ગાંધીનગરના યુવા તસ્વીરકાર લવ મેવાડાએ લીધી છે. આ તસ્વીરનું મહત્વ એ છે કે આ યુવા તસ્વીરકારની તસ્વીર નેશનલ જીઓગ્રાફી ચેનલની ડેઈલીડઝનમાં સ્થાન પામી છે. જે ગાંધીનગરના તસ્વીરકારો માટે એક ગૌરવ સમાન છે. લવ મેવાડાએ કુદરતી સૌંદર્ય પર સારી ફોટોગ્રાફી કરી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ગાંધીનગરને અનોખુ ગૌરવ અપાવ્યુ છે.

## મેટ્રો રેલનો પ્રોજેક્ટ ઓક્ટોબરથી કાર્યરત થશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના મેટ્રોલીંક પ્રોજેક્ટ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ઓક્ટો. ૨૦૧૩ થી શરૂ કરવામાં આવશે. મળતી વિગતો મુજબ આ પ્રોજેક્ટની વ્યવસાયિક કામગીરી ઓગષ્ટ ૨૦૧૭માં શરૂ થાય તે રીતે આખુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આજે આ પ્રોજેક્ટ સંદર્ભમાં રિસર્ચ, ડિઝાઈન અને સ્ટાન્ડર્ડસ ઓર્ગેનાઈઝએશન સાથે શેડ્યુલ ઓફ ડાયમેન્શનલ માટે ટેકનીકલ ચર્ચાઓ શરૂ થઈ છે.

આર.ડી.એસ.ઓ. જેણે સમગ્ર દેશમાં બધા જ મેટ્રો પ્રોજેક્ટસ્ માટે ડિઝાઈન અને સલામતીના પાસાઓની ચકાસણી કરી છે. આ ટીમ હવે તેનું મૂલ્યાંકન કરી અને ટેકનીકલ મંજૂરીની પ્રક્રિયા હાથ ધરાશે તે મળી ગયા બાદ આ કામગીરી હાથ પર લેવામાં આવશે.

## મનપા શહેરનો જન્મદિનની ઉજવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરનો ૨ જી ઓગષ્ટનો જન્મદિવસ મહાનગરપાલિકા દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવશે. આ માટેના આયોજનની તૈયારીઓ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે.

૨ જી ઓગષ્ટના રોજ ગાંધીનગર વનમાં પ્રવેશી રહ્યું છે. આ પ્રસંગે વૃક્ષારોપણ, કેક કાપવાનો કાર્યક્રમ તેમજ બાળરેલી અને જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશ્નર શ્રી લલિત પાડલિયાની અધ્યક્ષતામાં આ અંગે કોર્પોરેશનના અધિકારીઓની એક સમિતિ રચી અને તેના આયોજનની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ મહાનગરપાલિકાના અર્બન હેલ્થ સેન્ટરોમાં વૃક્ષારોપણ તો શહેરની પ્રા. શાળાના બાળકોની પ્રકૃત્તિ પદયાત્રાનું આયોજન વિચારાયું છે. આ ઉપરાંત પ્રા. શાળાના બાળકો માટે રમતોત્સવની કેટલીક સ્પર્ધાઓનું પણ આયોજન વિચારાયું છે.

પાટનગરની પ્રથમ ઈંટ જ્યાં મુકવામાં આવી હતી ત્યાં કેક કાપી અને જન્મદિવસની ઉજવણી સામાજિક સંસ્થાઓને સાથે રાખી કરવામાં આવનાર છે.






## ચાંદીસણા ગામના તળાવમાં હજારથી વધુ માછલીઓ મૃત હાલતમાં મળી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ચાંદીસણા ગામના તળાવમાં આજે એકાએક એક હજારથી પણ વધુ માછલીઓ મૃત હાલમાં મળતાં ગ્રામજનો ચોંકી ઉઠ્યા છે.

ગાંધીનગરથી નજીક આવેલા આ ગામમાં બનેલી ઘટનાની જાણ થતાં જ ધારાસભ્યશ્રી અમીત ચૌધરી તેમજ પંચાયતના સદસ્ય અને પૂર્વ ચેરમેન બાંધકામ સમિતિ શ્રી અજીતસિંહ રાઠોડ ગામમાં પહોંચી અને ઝડપથી યોગ્ય કાર્યવાહી થાય તે માટેની ગ્રામજનોને હૈયાધારણ આવી હતી.

આ બન્ને આગેવાનોએ તાત્કાલિક આરોગ્ય તંત્ર અને મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારીઓને જાણ કરી દુર્ગંધને નાથવા સહિતના પગલાં લેવા સૂચવ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી, બ્લોક હેલ્થ ઓફિસર તેમજ મેડીકલ ઓફિસરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. નવા પાણીની આવકને લઈ ઓક્સીજન મેળવવામાં મુશ્કેલી ઉભી થતાં માછલીઓ મૃત્યુ પામી હોવાનું મનાઈ રહ્યું છે. જો કે તંત્ર પણ હજુ કોઈ ચોક્કસ કારણ સુધી પહોંચી શક્યું નથી.

ગામમાં આટલી મોટી સંખ્યામાં એકી સાથે માછલીઓ મરી જતાં ગામમાં દુર્ગંધ તીવ્રતાથી પ્રસરી ગઈ છે અને રોગચાળો ન થાય તે માટે આરોગ્ય તંત્રએ તાકીદના સાવચેતીના પગલાં હાથ ધર્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે તાત્કાલિક જરૂરી પગલાં આરોગ્યના લેવા માટે જિલ્લા આરોગ્ય અધિકારીને જરૂરી સૂચનાઓ આપી છે. તેઓ


● અનુસંધાન પાના - ૭ પર


## એન્જિનીયરીંગમાં પ્રવેશ મામલો હવે સુપ્રિમમાં : એક-બે દિવસમાં સુનાવણી

### ડિગ્રી એન્જિ.માં પ્રવેશના મુદ્દે હાઈકોર્ટના ચુકાદાને રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો : સુનાવણી ઉપર નજર

અમદાવાદ, તા. ૨૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી એન્જિનીયરીંગમાં પ્રવેશ ફાળવવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાને આજે રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જેના પગલે આગામી બે દિવસમાં સુપ્રિમ કોર્ટમાં રાજ્ય સરકારની અરજી ઉપર સુનાવણી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ટેકનીકલ પ્રવેશ સમિતી દ્વારા રાજ્યની ૬૫,૦૦૦ જેટલી ડિગ્રી એન્જિનીયીરીંગ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓના પર્સેન્ટાઈલના આધારે વિદ્યાર્થીઓનું મેરીટ તૈયાર કરવામાં આવ્યું હતું. જેને કેટલાક વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટ પ્રવેશ પદ્ધતિને ગેરબંધારણીય ગણાવી પ્રવેશ રદ કરવા આદેશ કર્યો હતો અને વિદ્યાર્થીઓના ટકાના આધારે નવેસરથી પ્રવેશ આપવા માટે સુચન કર્યું હતું જેના કારણે ડિગ્રી એન્જિનીયરીંગની ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા સ્થગિત કરવાની ફરજ પડી હતી. અને ડિગ્રી એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવી ચુકેલા ૫૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ મુકાઈ ગયો હતો જેના વિરોધમાં રાજ્ય સરકારે આજે હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજી સુપ્રિમ કોર્ટમાં દાખલ કરી છે. સુપ્રિમ કોર્ટમાં હવે ડિગ્રી એન્જિનીયરીંગમાં પ્રવેશ મુદ્દે આગામી બે દિવસમાં સુનાવણી હાથ ધરાશે અને સુપ્રિમ કોર્ટના ચુકાદાના આધારે જ ડિગ્રી એન્જિનીયરીંગની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે પરંતુ જો સુપ્રિમ કોર્ટમાં કેસની સુનાવણી લાંબી ચાલે તો સુપ્રિમ કોર્ટ ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે કામચલાઉ સ્ટે મુકી શકે છે આવી સ્થિતિમાં કામચલાઉ ધોરણે પ્રવેશ ફાળવી ડિગ્રી એન્જિનીયરીંગનો અભ્યાસક્રમ શરૂ કરી શકાય છે.

## કુડાસણમાં ૩ ડેન્ગ્યુના કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કુડાસણ ગામની એક સોસાયટીમાંથી ડેન્ગ્યુના ૩ દર્દીઓ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ ત્રણેય દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. પરંતુ આ પૈકીના એક દર્દીને સારૂ થઈ જતાં રજા આપી દેવામાં આવી છે, જ્યારે બે દર્દીઓને વધુ સારવારની જરૂરિયાત જણાતાં તેમને અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કુડાસણ વિસ્તારમાં બાંધકામ સાઈટો પર જોરશોરથી ચાલી રહેલા બાંધકામને લઈ આ વિસ્તારમાં મચ્છરોની ઉત્પત્તિ પણ મોટાપાયે જણાઈ છે. આ ઉપરાંત અહિ ભૂગર્ભ ગટરની કોઈ વ્યવસ્થા ન હોવાથી ગટરના પાણી પણ બહાર ભરાઈ જવાને કારણે ભારે રોગચાળાની સ્થિતિ ઉભી થવા પામી છે.

તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના મેલેરિયા તંત્રએ આ બાબતે બાંધકામ સાઈટોના સંચાલકોને તાકીદે એન્ટી લારવેલની કામગીરી કરવા માટેની જરૂરી સૂચનાઓ પણ આપી હતી. આ ઉપરાંત ગુડાના અધિકારીઓને પણ ગંદા પાણીના નિકાલ માટેની જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવા માટે ધ્યાન દોર્યું હતું.

આ વિસ્તારમાં વધતા જતા મચ્છરોના ઉપદ્રવને કારણે હવે તંત્રને પણ એકલા હાથે પહોંચી વળવુ મુશ્કેલ બનશે. તંત્રએ આ વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવ્યું છે પણ એન્ટી લારવેરની કામગીરી બાંધકામ સાઈટોના સંચાલકો દ્વારા સઘન બનાવવામાં આવે તે પણ જરૂરી છે તેમજ આ વિસ્તારમાં સફાઈ વ્યવસ્થા પણ સઘન તંત્રવાહકો બનાવે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.





**પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઇએ છે**

(૧) સુપર વાઈઝર
(૨) પેટ્રોલ - ડીઝલ તથા સી.એન.જી. ગેસ પૂરવા માટે માણસો

મળો : બપોરે ૧૧.૦૦ થી ૨.૦૦

**વિજય ઓટો મોબાઈલ**

પ્લોટ નં. ૧૨, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧